## ઝાટકણી કાઢી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોંશિયાર પ્રુફરીડર કે ભાષાંતર કરનાર કોઈ અધિકારી નથી ? તમે જાણો છોને આ કોઈ સામાન્ય પરીક્ષા નથી ? તો કેમ આટલી મોટી ભુલો સામે આવી છે ? તેમ જણાવ્યું હતું અને જીપીએસસીની મુખ્ય પરીક્ષાના ફોર્મ ભરવા સિવાયની આગળની તમામ ભરતી પ્રક્રિયા નહી કરવા સ્ટે આપી દીધો છે. આ સમગ્ર મામલે નોટીસ ફટકારી જવાબ પણ માંગ્યો છે. ખાલી પડેલ અધિકારી વર્ગ-૧ અને ૨ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી અને ગત ૧૨ ઓક્ટો.ના રોજ પ્રિલીમ પરીક્ષા યોજી હતી. જેના પરીક્ષાના પ્રશ્નપત્રમાં તેમજ તેના પરિણામમાં અનેક છબરડા થયા હતા. જે મામલે જીપીએસસી આયોગ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને મોટો લાભ કરાવી ૨૭ ખોટા પ્રશ્નના કુલ ૪૦ માર્ક આપી દીધા હતા. આથી કેટલા ગુજરાતી માધ્યમના ઉમેદવારોને આનો લાભ ન મળતા અસંતુષ્ટ ઉમેદવારોએ સંપુર્ણ ભરતી પરીક્ષા રદ કરવા ગુજરાત હાઈકોર્ટમાં ગત હાઈકોર્ટે કેસની આગામી સુનાવણી ૨૧મી સપ્ટે-૨૦૧૫ના રોજ હાથ ધરવામાં આવશે.

## કુડાસણમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રોજેકટની પણ શરૂઆત કરી દેવામાં આવી છે. જે અન્વયે આજે ડ્રો ની પ્રકીયાના અંતે આવાસોની ફાળવણી કરી દેવામાં આવી છે. જયારે નવી યોજના માટે જગ્યાની પસંદગી કરી દેવામાં આવી છે. મધ્યમ વર્ગના પરિવારજનો માટે ગુડા દ્વારા કુડાસણમાં આવાસો બાંધવાનો નિર્ણય લેવાયો છે. જેમાં ૫૭ ચો મી ના ૫૦૦ એમ આઈ જી આવાસોમાં લાભાર્થીઓને ડ્રોઈંગ રૂમ ઉપરાંત બે બેડરૂમ તેમજ સ્ટડી રૂમ સહીતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. આ આવાસોની કિંમત રૂ ૧૭ લાખ નિયત કરવામાં આવી છે. તેમણે જણાવ્યુ હતુ કે કુડાસણમાં વીઘા જગ્યાની કિંમત ૫ કરોડ હોય તેવા લોકેશનમાં નવી આવાસ યોજના બાંધવામાં આવશે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે ગુડા દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં પણ સુવિધાના કામો ઝડપભેર હાથ ધરવામાં આવે તેવુ આયોજન કરવામાં આવશે. આ માટે આત્મા ગામડાનો અને સુવિધા શહેરની તેવા અભિગમ સાથે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે.

# નિવૃત્ત આઈપીએસ અધિકારી કુલદીપ શર્મા કોંગ્રેસમાં જોડાયા

અમદાવાદ, તા.૯

ગુજરાતના તત્કાલિત મુખ્યમંત્રી નરેન્દ્રમોદી અને ગૃહરાજયમંત્રી અમિત શાહ સામે કાનુની જંગ છેડનાર ભૂતપૂર્ણ પોલીસ મહાનિર્દેશક કુલદીપ શર્મા આજે વિવિધન રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાઈ ગયા હતા. રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરાવીને કુલદીપ શર્માને વિધિતન રીતે આવકાર્યા છે. નિવૃત્ત આઈ પી એસ અધિકારી ડૉ. શર્માને કોગ્રેસ પક્ષમાં ઉમળકાભેર આવકારતાં ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, નિવૃત્ત આઈ પી એસ




અધિકારી ડૉ. કુલદીપ શર્મા વર્ષો સુધી પોલીસ સેવામાં અસરકારક કામગીરી બજાવી હતી. પોલીસ તંત્રમાં જાહેર વહીવટી અનુભવ અને કાર્યક્ષમતા કોંગ્રેસ પક્ષ માટે ઉપયોગી સાબિત થશે. કોંગ્રેસ પક્ષના સિંદ્ધાંતો અને દેશમાં લોકતંત્ર માટેની પ્રતિબદ્ધતાને લીધે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના નેતૃત્વમાં જયારે કોંગ્રેસ પક્ષમાં ડૉ.કુલદીપ શર્મા જોડાઈ રહ્યા છે તેને આવકારું છું. રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં નિવૃત્ત કુલદીપ શર્માએ જણાવ્યું હતું કે, ૩૭ વર્ષ કરતા વધુ સમય સુધી પોલીસ સેવામાં કામગીરી કરી નિવૃત્ત થયા બાદ એક વર્ષ સુધી સતત કઈ રીતે મારા અનુભવનો લાભ પ્રજા કલ્યાણ માટે કરી શકાય તે હેતુથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં વિધિવત રીતે જોડાઈ રહ્યો છે.

## આબેહૂબ પ્રતિકૃતિ

● અનુસંધાન બીજાનું ચાલુ

અને હજુ વધુ પ્રાણીઓની પ્રતિકૃતિઓ બનાવવાના તેમના પ્રયાસો ચાલુ જ છે.

પ્રતિકૃતિ બનાવવા તેઓ સિરામિક માટી, પ્લાસ્ટર ઓફ પેરિસ, વ્હાઈટ ચોક, રેઝીંગ ફાઈબર, જ્યુટ, કાચ, વુડન અને એક્રેલીક રંગોનો ઉપયોગ કરે છે. લગભગ ૭ થી ૮ વર્ષની મહેનતે પ્રાણીઓની આબેહૂબ પ્રતિકૃતિઓ બનાવવામાં પરફેક્શન મેળવી જેમાં આંખ બનાવવામાં જ તેમને એક વર્ષ જેટલો સમય લાગ્યો હતો. બજારમાં મળતી કેટલીક કલાકૃતિઓ પ્રાણીજન્ય વસ્તુઓ વપરાય છે. જેમકે સિંહ બનાવવા ઊંટનું ચામડું કે વાઘ બનાવવા બળદનું ચામડુ વપરાય છે. જેના પર ડાઈ દ્વારા કાળા પટ્ટા ઉપસાવાય છે. આ કલાકૃતિઓને સમયાંતરે કેમિકલ વૉશ કરવુ પડે છે નહીતર તેમાં જીવાત પડે અને તેના ટાંકા પણ તુટવા લાગે છે. જ્યારે સુરેશ પંડિત દ્વારા તૈયાર કરાયેલ કલાકૃતિ મેન્ટેનન્સ ફ્રી હોય છે. તેમજ વર્ષો સુધી તેને સંઘરી શકાય છે. એક કલાકૃતિ તૈયાર કરવામાં આશરે સવા મહિનો લાગે છે. જેમાં તેમને પત્નિ જ્યોત્સનાબેન અને પુત્ર આલાપ પંડિતનો પણ સાથ મળી રહે છે. દિવસના લગભગ ૧૪થી ૧૬ કલાકની મહેનત તેમાં લાગે છે. તેમની તૈયાર કરાયેલ વાઘની પ્રતિકૃતિ કાંકરિયા ઝૂમાં સાચા વાઘ સામે મુકતા તે પણ તેને અચરજથી નિહાળી સુંઘવા અને ચાટવા લાગ્યો હતો.

કોઈપણ જાતના શીલ્પકામ કે સ્કલ્પચર મેકિંગના અભ્યાસ વગર માત્ર હાથ વડે કલાકૃતિ તૈયાર કરતા સુરેશ પંડિત કહે છે કે આ કલાનું મશીનથી પ્રોડક્શન શક્ય ન હોઈ વ્યવસાયિક ધોરણે અનેક મુશ્કેલીઓ નડી રહી છે.

## દરેક વ્યક્તિ પાસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શુભ લાભ આવાસ યોજનાના લાભાર્થીઓને મકાનોની ફાળવણી કરવામાં આવી હતી. રાયસણ તેમજ ચિલોડા વિસ્તારમાં તૈયાર કરાયેલી શુભ લાભ આવાસ યોજનાના ૧૧૨૦ લાભાર્થીઓ પૈકી ૩૫૨ને મકાનોનો કબજો સોંપવામાં આવ્યો હતો.આ તબક્કે રાજયના શહેરી ગૃહ નિર્માણ રાજય મંત્રી શંકર ચૌધરીએ જણાંવ્યુ હતુ કે દરેક વ્યકિત પાસે પોતાનુ મકાન હોવુ તેના સ્વમાન તેમજ સ્વાભિમાનની સાથે જોડાયેલુ છે.અત્યાર સુધી સરકારી કામો સામે પ્રશ્નાર્થ ઉભો થતો હતો. સરકારી કામગીરીમાં ગુણવત્તા ન હોય તેવી છાપ આમ નાગરીકોના માનસપટ પર ઉભરી હતી. પરંતુ ગુડાએ આ કામગીરી નમુનારૂપ બનાવી પ્રજામાં નવો વિશ્વાસ ઉભો કરી સરકારી કામની ઈમેજ પણ યોગ્ય બનાવી છે. દરેક વ્યકિતને પોતાનુ ઘર મળે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ સ્વપ્ન છે. જયારે હાલના મુખ્યમંત્રી આ પ્રાજેકટને આગળ ધપાવી રહયા છે. રાજય સરકારે અત્યાર સુધી ૫ લાખ જેટલા મકાનોનો ડ્રો કર્યો છે. જયારે ડ્રો ની પ્રકીયા પારદર્શક બનાવવા નવુ સોફટવેર પણ વિકસાવ્યુ છે. આ ઉપરાંત અન્ય બાકી રહેતા નાગરિકો માટે પણ આવાસો બનાવવા તેમણે આગામી દિવસોમાં ગુડા તેમજ કોર્પોરેશનની કોઇપણ યોજનાને મંજુરી આપવામાં આવશે તેમ પણ જણાંવ્યુ હતુ. કાર્યક્રમ દરમિયાન ગુડાના મુખ્ય કારોબારી અધિકારી સંધ્યા ભુલ્લર,જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ,મેયર હંસાબેન મોદી,મ્યુનિ કમિશ્નર જી આર ચૌધરી ધારાસભ્ય અશોક પટેલ, શંભુજી ઠાકોર પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાએ હાજરી આપી હતી. આવાસ યોજનાના ડ્રો તેમજ મકાનોની ફાળવણીને અનુલક્ષી ટાઉનહોલમાં નાગરિકોની ભારેભીડ જોવા મળી રહી હતી.

## ડાયાલીસીસ સેન્ટરનું

● ત્રીજા પાનાનું ચાલુ

વલસાડ, રાજપીપળા, મોરબી, સુરેન્દ્રનગર, વિસનગર, ઉંઝા, ધરમપુર(વલસાડ) આહવા (ડાંગ), પાલનપુર, ભરુચ, સોલા સિવિલ હોસ્પિટલ અને અમદાવાદ કિડની હોસ્પટિલમાં ડાયાલીસિસ સેન્ટર કાર્યરત છે. જયારે ૨૯મું સેન્ટર ગાંધીનગર કાર્યરત થશે. ૨૦ પથારીનું ડાયાલીસિસ સેન્ટર છે. પરંતુ પ્રાથમિક ધોરણે અત્યારે હાલ ૧૦ પથારી ઉપલબ્ધ છે. તમામ સેન્ટરનું સંચાલન આઈ.કે.ડી.આર.સી.દ્વારા કરવામાં આવે છે. આઈ.કે.ડી. આર.સી.ના નિયામક તરીકે કિડની હોસ્પિટલ અમદાવાદના હેડ પદ્મ શ્રી ડો.એચ. અલ.ત્રિવેદી છે. જયારે રાજયના તમામ ડાયાલીસિસના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ તરીકે એચ.પી.પરમાર કામીગીરી સંભાળી રહ્યા છે. ગાંધીનગરમાં કાર્યરત સેન્ટર અત્યંત આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે. એક સાથે દશ દર્દીઓનું ડાયાલીસિસ કરવામાં આવશે. ગાંધીનગર સિવિલ હોસપિટલના નવા સંકુલમાં અધ્યતન સુવિધા સાથે ઉભા કરાયેલા આ ડાયાલીસિસ સેન્ટરમાં પેશન્ટ માટે એલ.ઈ.ડી.ટીવી પર્સનલ સેટઅપ બોકસ સાથે મુકવામાં આવ્યા છે. જેથી તમામ દર્દી પોતાને ગમતું મનોરંજન ડાયાલીસિસના સમય દરમિયાન માણી શકે.

આટોમેટીક રિકલાઈનર ચેરમાં પેશન્ટ પોતે રીમોટથી પરસ્થિત બદલી શકે છે. સેન્ટર સવારે ૭ થી રાત્રીના ૮ કલાક સુધી કાર્યરત રહેશે જેમાં પાંચ ટેકનીશીયન, નર્સ, એટેન્ડેન્ટ બે શીફટમાં સ્ટાફ કામ કરશે. માત્ર ૨૦૦ રુપીયામાં સેન્ટરમાં ડાયાલીસિસ તેમજ દર્દીને મહિનામાં એકવાર તદ્દન ફ્રી મોંઘા બ્લડ બનવાના ઈજેકશન આપવામાં આવશે. સેન્ટર દ્વારા પેશન્ટ માટે માસમાં એકવાર એજ્યુકેશન કેમ્પ યોજાય છે. સેન્ટર એક કરોડ થી વધુનો ખર્ચ કરી અત્યંત આધુનિક તેયાર કરવામાં આવ્યું છે. ડાયાલીસિસ સેન્ટરનું ઉદઘાટન આરોગ્ય પ્રધાન નિતિનભાઈ પટેલના હસ્તે સવારે ૧૦ કલાકે કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, નગરના મેયર હંસાબેન મોદી, આઈ. કે. ડી. આર. સીના નિયામક ડો. એચ. એલ. ત્રિવેદી, એચ.પી.પરમાર સિવીલ સુપ્રરીટેડેન્ટ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે. ગુજરાતમાં કિડની અંગે લોક જાગૃતી જરુરી છે તે સમયની માંગ છે. તેથી રાજય સરકારે દરેક જીલ્લા કક્ષાની હોસ્પિટલમાં આવા સેન્ટર ઉભા કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડાયાલિસીસ સેન્ટર પછી હાર્ટ માટે સુપર સ્પેશ્યાલીટી સેન્ટર ઉભુ કરવામાં આવશે. આની કવાયતના ભાગ રુપે આઈ. સી. સી. યુ.ની પથારીની સંખ્યા બમણી કરાઈ છે. તેમજ તેના માટે અલગ આલગ વિભાગો નિયત કરવામાં આવ્યા છે. હાર્ટનું સુપર સ્પેશ્યાલીટી સેન્ટર માર્ચ ૨૦૧૬ સુધીમાં કાર્યરત કરી દઈ શકાય તે રીતે સતાવાળાઓ આગળ વધી રહ્યા છે.

## ૩૦ બેઠક માટે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

૬,૯૧,૨૭૩ છે. આ મતદારો માત્ર ગ્રામ્ય વિસ્તારના છે. શહેરી વિસ્તારના મતદારોની બાદબાકી કરાઈ છે. જિલ્લામાં ૪ નગરપાલિકા અને ૧ મહાનગરપાલિકા છે જે ઉલ્લેખનીય છે. પ્રસિદ્ધ કરાયેલ મતદાર યાદીમાં મહિલા મતદારોની સંખ્યા ૩,૩૩,૬૫૪ છે. જિલ્લામાં સૌથી વધુ મહિલા મતદારો ગાંધીનગર તાલુકામાં છે, જ્યાં મહિલા મતદારોની સંખ્યા ૧,૧૧,૮૭૧ છે, જ્યારે સૌથી ઓછા મહિલા મતદારો માણસામાં નોંધાયેલા છે જ્યાં મહિલા મતદારોની સંખ્યા ૬૯,૦૧૧ છે.

જિલ્લામાં ૩૧-૮-૧૫ની સ્થિતિએ નોંધાયેલા આ મતદારો છે. મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ મુજબ જિલ્લામાં સૌથી વધુ મતદારો પણ ગાંધીનગર તાલુકામાં છે. જ્યાં મતદારોની કુલ સંખ્યા ૨,૩૧,૦૨૨ છે. જ્યારે સૌથી ઓછા નોંધાયેલા મતદારોની સંખ્યા પણ માણસાની છે. જ્યાં મતદારોની સંખ્યા ૧,૪૨,૧૭૮ છે. જિલ્લા પંચાયતની બેઠક દીઠ ૧૭ હજારથી ૩૦ હજાર મતદારો થાય છે. આ પંચાયતની ચૂંટણી નવા સીમાંકન અને નવા નિયમો સાથે યોજાઈ રહી છે. આગામી દિવસોમાં મતદારયાદી અને અન્ય બાબતો અંગે કલેક્ટરની અધ્યક્ષતામાં રાજકીય પક્ષોની બેઠક મળશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## એલઆરટીએસ માટે રજૂઆત

● અનુસંધાન બીજાનું ચાલુ

હરિયાળા પાટનગરમાં પ્રદૂષણ પણ ઓછુ થશે. ઉપરાંત પ્રાર્કિંગ અને અકસ્માતનો પ્રશ્ન પણ હલ થઈ જશે. ભારતમાં આ પ્રોજેક્ટ નવીનત્તમ હોવાથી યુનિક પર્યટન વ્યવસાયને પણ બુસ્ટ મળશે. એલ.આર.ટી.એસ. મેટ્રો રેલના પ્રમાણમાં સસ્તુ વાહન વ્યવહાર બની શકે તેમ છે. પરિણામે ગરીબ અને મધ્યવર્ગના મુસાફરો પ્રવાસીઓમાં મોટા પ્રમાણમાં આ સીસ્ટમનો લાભ લઈ શકે તેમ છે. ગાંધીનગર-અમદાવાદ દરરોજ ૫ હજાર જેટલા લોકો કર્મચારીઓ મુસાફરી કરે છે. તેઓને પણ ફાયદો થશે.

આ પ્રોજેક્ટમાં વાયુ, જળ જમીનનું કોઈ પ્રદૂષણ થાય તેમ નથી અને કેન્દ્ર સરકારના કોઈ મંત્રાલયની મંજુરી લેવાની મંજૂરી જરૂરી રહેતી નથી. ઉપરાંત આ પ્રોજેક્ટ માટે કોઈ પણ નવો સર્વે કરવાનો ખર્ચ કે સમય વેડફવો નહી પડે સરકારને બસ જૂના મેટ્રો રેલના સર્વે જોવાના રહેશે.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૧૩/૨૦૧૫-૨૦૧૬નો સુધારો-૫**

કામ નં. ૧ થી ૬ અને ૮, ૯

સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૧૫-૯-૨૦૧૫ |
| ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૨૨-૯-૨૦૧૫ |
| બાનાની રકમ ટેન્ડર ફી, બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૨૩-૯-૨૦૧૫થી ૩૦-૯-૨૦૧૫ |
| ટેકનીકલ બીડ/પ્રાઈસ બીડ ખોલવાનીતારીખ | ૨૩-૯-૨૦૧૫ |

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મુળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

**કાર્યપાલક ઈજનેર**
**સા.કાં. પંચાયત મા.મ. વિભાગ**
**હિંમતનગર**

**ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૧૪/૨૦૧૫**

ગતિશીલ ગુજરાતમાં

ગામે ગામ ફેલાયો સર્વાંગી વિકાસનો ઉજાસ

ગુજરાત સરકાર






**વિકાસની ઝાંખી**

- પંચાયતોમાં મહિલા અનામત ૫૦ ટકા કરવાનો નિર્ણય
- સરદાર આવાસ યોજના : ૮,૧૩,૦૦૦ થી વધુ આવાસોનું નિર્માણ
- ગ્રામસભાને વધુ સક્ષમ બનાવી ૯ લાખથી વધુ પ્રશ્નોનો નિકાલ
- ગામમાં શાંતિ અને ભાઈચારો જાળવવા ૧૧,૦૮૩ સમરસ ગ્રામ પંચાયતો જાહેર
- ૮ મા તબક્કામાં ૧૨૮ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૧૩ લાખ લાભાર્થીઓને અંદાજીત રૂ.૧૬૬૪ કરોડની સહાયઃ અત્યાર સુધીના ૭ તબક્કામાં ૧૨૨૫ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૮૯.૪૮ લાખ લાભાર્થીઓને રૂ.૧૩૩૮૮.૦૦ કરોડની સીધી સહાય
- ઇ-ગ્રામ-વિશ્વગ્રામ યોજનાઃ જન્મ-મરણનો દાખલો, આવકનો દાખલો, ચારિત્ર્ય પ્રમાણપત્ર, ૭/૧૨, ૮-અ ના ઉતારા વગેરે સેવાઓ ઉપલબ્ધ
- મિશન મંગલમ્ : મહિલા સશક્તિકરણ અન્વયે રાજ્યમાં ૨,૩૬,૦૦૦થી વધુ સ્વસહાય જૂથોની રચના
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ અત્યાર સુધીમાં ૮,૨૪,૦૦૦થી વધુ શૌચાલયોનું બાંધકામ
- ઇન્દિરા આવાસ યોજના હેઠળ ગરીબ, આવાસ વિહોણા કુટુંબો માટે ૧૨,૮૪,૨૬૫ આવાસોનું નિર્માણ
- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત ૬૮ લાખથી વધુ કુટુંબોને રોજગારી

અને ઘણું બધું...

"ઉચ્ચ શિક્ષણ, બહેતર આરોગ્ય, શુદ્ધ પેયજળ સહિતની શ્રેષ્ઠતમ ભૌતિક સુવિધાઓ રાજ્યના દરેક ગામડાંઓમાં ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.''

-શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી

Visit http://www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official www.twitter.com/infogujarat